**અતિશય મેદસ્વીપણા માટે શસ્ત્રક્રિયા...**

સામાન્ય રીતે જે લોકો અતિશય મેદસ્વી હોય તેવા લોકો માટે જ (દૂરબીનથી થતી) શસ્ત્રક્રિયા કરવામાં આવે છે.

દૂરબીનથી થતી શસ્ત્રક્રિયામાં એક વિશિષ્ટ પ્રકારના દૂરબીનથી પેટ ઉપર કાપો કરી જઠર જોવામાં આવે છે.

**મેદસ્વીપણું એટલે શું...?**

ગંભીર મેદસ્વીપણું શું છે?
ગંભીર મેદસ્વીપણા માટે ચિકિત્સાના બે પ્રકાર છે:
(૧) દવા દ્વારા અને (૨) શસ્ત્રક્રિયા દ્વારા
દૂરબીનથી થતી મેદસ્વીપણાના શસ્ત્રક્રિયા
શસ્ત્રક્રિયાનું ધારેલું પરિણામ

ગંભીર મેદસ્વીપણું શું છે?

ગંભીર મંદસ્વીપણાને ઘાતક મેદસ્વીપણું પણ કદી શકાય. સામાન્ય રીતે જેટલું વજન હોવું જોઈએ તેના કરતા ૧૦૦ ટકા વજન વધારે હોય અથવા ૪૫.૫ કિલોગ્રામ વધારે હોય ત્યારે ગંભીર મેદસ્વીપણું કહેવાય. તેને
૪૦ કહેવાય છે.

ગંભીર મેદસ્વીપણાથી જીવલેણ રોગો જેવા કે લોહીનું વધારે દબાણ, મધુપ્રમેહ અને હૃદય રોગ થઈ શકે છે.

આ પ્રકારની તકલીફ માટે ઘણાં પ્રકારની ચિકિત્સાઓ દર્શાવવામાં આવી છે. જેમ કે, હલકો ખોરાક, દવાઓ, સ્વભાવમાં ફેરફાર અને કસરત. આમ છતાં, ફકત શસ્ત્રક્રિયામાં જ લાંબાગાળે અસરકારક નીવડે છે.

ગંભીર મેદસ્વીપણું શેનાથી થાય છે?
ગંભીર મેદસ્વીપણા માટે ઘણાં બધા કારણો જવાબદાર છે. મેદસ્વી લોકોમાં સંગ્રહાયેલી શકતનો નિર્ધારિત આંક ઘણો વધારે છે અને આ નિર્ધારિત આંકડામાં ફેરફાર ઓછી પાચનક્રિયા અને શકિતના વપરાશ તથા વધારે શકિતના ગ્રહણમાં અથવા તો ઉપરની બધી ક્રિયાનો સમન્વયમાં પરિણમે છે. વૈજ્ઞાનિક પુરાવાઓ સુચવે છે કે મેદસ્વીપણાનું કારણ આનુવંશિક પણ હોય છે.

ગંભીર મેદસ્વીપણું હકીકતમાં આનુવંશિક, મનોસામાજીક, વાતાવરણ, સામાજીક અને સાંસ્કૃતિક પુરાવાનો સમન્વ્ય. જે વધુ પડતી ભુખ લાગવાના નિયંત્રણ અને શકિતના પાચન પર અસર કરે છે. ગંભીર મેદસ્વીપણુંએ માત્ર વ્યકતના પોતાના નિયંત્રણના અભાવના કારણે નથી થતું.

**ઉપલબ્ધ ઉપચારો...**

**(૧) દવા:**

૧૯૯૧માં રાષ્ટ્રીય શારિરીક સંસ્થાની મીટીંગે નીષ્કર્ષ આવ્યો કે ગંભીર મેદસ્વી દર્દીમાં વજન ઘટાડવા માટે શસ્ત્ર વગરની સારવાર લાંબા સમય માટે અસરકારક નથી સિવાય કે અમુક જુજ પ્રસંગો સિવાય તે પણ જણાવ્યું છે કે બધા ઉમેદવાર કે જેમાં શસ્ત્ર વગરની સારવાર પધ્ધતી વાપરવામાં આવી છે તે બધા ૫ વર્ષની અંદર ગુમાવેલું વજન પાછું મેળવ્યું. વજન ઘટાડવા માટેની દવાઓ ઉપલબ્ધ હોવા છતાં લાંબા સમય માટેની મેદસ્વીના ઉપચારમાં અસરકારક નથી. ભુખ ઘટાડવાની દવાઓ ૫ થી ૧૦ કિગ્રા વજનમાં ઘટાડો કરે છે. તેમ છતાં, દવાઓ બંધ કરતા થતો વજનમાં વધારો વધારે ઝડપી હોય છે. વિવિભ વજન ઘટાડવાના કાર્યક્રમો વર્તણુંકમાં ફેરફારની પ્રવૃત્તિ ઉપરાંત ઓછી શકિતના ઉપભોગ અને વધુ શારિરીક ક્રિયાનો ઉપયોગ કરે છે. તેનાથી અઠવાડીયાના ૦.૫ થી ૧ કિગ્રા વજનમાં ઘટાડો નોંભાયો છે જે પછીના ૫ વર્ષમાં પાછું વધી જાય છે.

**શસ્ત્રક્રિયા સારવાર ચિકત્સા:**

છેલ્લા ૪૦-૫૦ વર્ષમાં વજન ઘટાડવા માટેની શૈલ્પક્રિયા શોધાઈ છે. શૈલ્પક્રિયાઓ કે જે મોટાભાગના શૈલ્પક્રિયા નિષ્ણાંત દ્વારા મંજુર થઈ છે. જેવી કે-

વર્ટીકલ બેન્ડેડ ગેસ્ટ્રોપ્લાસ્ટી
ગેસ્ટ્રીક બેન્ડીંગ (એડજેસ્ટેબલ કે નોન એડજેસ્ટેબલ)
એકસ એન વાય ગેસ્ટ્રીક બાયપાસ
માસએબર્ગીપશન પધ્ધતિ

વર્ટીકલ બેન્ડેડ ગેસ્ટ્રોપ્લાસ્ટીમાં જઠરમાં નાની કોથળી બનાવવામાં આવે છે જે બહાર નીકળવાના માર્ગને જાળી દ્વારા મજબુત કરવામાં આવે છે. જે તેને તુટી જતા કે પહોળો થતાં અટકાવે છે.